# હેરંજ પ્રાથમિક શાળામાં ૮૬ બાળકોનું મુખ્યમંત્રીના હસ્તે નામાંકન કરાયું

## આગામી બે વર્ષમાં રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓને એ ગ્રેડમાં લઈ જવા અભિયાન : વિદ્યાર્થીની અંબિકા ગોહેલે જ જન્મેલી દિકરીની વેદનાને વાચા આપીને મુખ્યમંત્રી સહિત સહુની આંખો ભીંજવી



અરવલ્લી જીલ્લાના ભિલોડા એન.આર.એ.વિદ્યાલયના પટ્ટાંગણમાં યોગ દિનની તાડામાર તૈયારીઓમાં જાગૃત પ્રજાજનો જોડાયા છે. ભિલોડા પતંજલી યોગ વિજ્ઞાન સમિતી, જીલ્લા મહીલા સંયોજક પ્રભારી ઉર્વશીબેન હસમુખભાઈ બરંડાએ જણાવ્યું હતું કે તા.૨૧ જુને વિશ્વ યોગ દિનની ઉજવણી સંદર્ભે તાડામાર તૈયારીઓના ભાગ રૂપે ભિલોડામાં યોગ પ્રાણાયામની તાલીમ આપવામાં આવતાં જાગૃત પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી છે.

# મોડાસાની સરકારી જમીનમાં વારંવાર દબાણ કરતા શખ્સ સામે વહીવટીતંત્ર ઘુંટણીયે

## મહેસુલતંત્રના કાયદાના લીરેલીરા ઉડાડી ભાડુ ઉઘરાવવામાં આવે છે

મોડાસા, તા. ૯

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી ગણેશ સોસાયટી પાસેના ડી.પી. રોડ પર એક શખ્સ દ્વારા ગેરકાયદેસર દબાણ કરી ઉભા કરાયેલા દબાણો પર પાથરણાવાળા અને કેબિનોવાળાને ભાડા પટ્ટે આપીને ગેરકાયદેસર રીતે સરકારી જમીન પર દબાણ કરી ભાડુ ઉઘરાવવામાં આવે છે. આ શખ્સ દ્વારા કરાયેલા દબાણો દૂર કરવા જિલ્લા કલેક્ટરે નગરપાલિકાના ચીફ ઓફિસરને લેખીત આદેશ કર્યો હોવા છતાં નગરપાલિકાતંત્ર અને ચીફ ઓફિસર આ શખ્સથી ગભરાતા હોય તેમ દબાણ ખુલ્લુ ન કરાતા સોસાયટીના રહીશોમાં આક્રોશ ફેલાયો છે.

મોડાસાની માલપુર રોડ પર ગણેશ સોસાયટી પાસેથી પસાર થતા સરકારી ડીપી રોડ પર શહેરના એક શખ્સ દ્વારા કેબિનો ઉભા કરી તેમજ પાથરણાવાળાઓને ભાડે આપીને સરેઆમ ભાડુ ઉઘરાવવામાં આવી રહ્યું છે તેમજ ગેરકાયદેસર દબાણથી સોસાયટીના રહીશોના માર્ગ પર અવરજવર અવરોધાતા ધી ગણેશ કો.ઓ.હા.સો.લિ.ના ચેરમેન દ્વારા મુખ્યમંત્રી તાલુકા સ્વાગત ઓનલાઈન કાર્યક્રમમાં રજુઆત કરતા જિલ્લા કલેક્ટર દ્વારા ડી.પી. રોડ પર કરાયેલા દબાણો હટાવી લેવા અને કાર્યવાહી વિગતવાર કરી રજુ કરવા મોડાસા નગરપાલિકાના ચીફ ઓફીસરને તા. ૨૪-૫-૨૦૧૬ના રોજ આદેશ કરી પ્રદિપકુમાર અંબાલાલ ઉપાધ્યાય સદરહુ જમીન પોતાની માલીકીની હોઈ જણાવી સરકારી જમીન પર કરાયેલા ગેરકાયદેસર દબાણ દૂર કરવા લેખીત જણાવાયુ છતાં નગરપાલિકા તંત્ર દ્વારા આ શખ્સ સામે જાણે ઘુંટણીયા ટેકવી દીધા હોય તેમ નક્કર કાર્યવાહિ ન કરાતા સોસાયટીના રહીશોમાં આક્રોશ ફેલાયો છે.

મોડાસા શહેરના આ શખ્સ દ્વારા સરકારી જમીનો પર ગેરકાયદેસર દબાણો ઉભા કરી ભાડા ઉઘરાવી ગુજરાતના મહેસુલ વિભાગના કાયદાના નિયમ સરકારી જમીન પર વારંવાર દબાણ કરવા ટેવાયેલા લેન્ડ ગ્રેબર્સ સામે ફોજદારી તેમજ પાસાની જોગવાઈઓ અન્વયે અટકાયતી પગલા અચૂક લેવા તેમજ અટકાયતી પગલા લઈ દર અઠવાડિયે સરકારશ્રીમાં અહેવાલ રજૂ કરવાના નિયમને ઘોળીને પી જતા તેમજ નગરપાલિકા તંત્ર દ્વારા મહેસુલ વિભાગ ગુજરાતના સરકારી કાયદાના નિયમ તોડનાર શખ્સ સામે કોઈપણ નક્કર કાર્યવાહિ ન કરતા આ નિયમના લીરેલીરા ઉડી ગયા છે.

# ચંદ્રાણા ગામે સગાઈના પ્રસંગે મારામારી થતા ત્રણ વિરૂધ્ધ ફરિયાદ

સાબરકાંઠા જીલ્લાના પોશીના તાલુકાના ચંદ્રાણા ગામે રહેતા એક ઈસમના ઘરે બુધવારે સગાઈના પ્રસંગ દરમિયાન અગમ્ય કારણોસર ત્રણ જણાએ સગાઈમાં ન બોલાવ્યા હોવાનું બહાનું ધરી કુહાડી તથા કોદાડીથી હુમલો કરી પતિ-પત્નિ અને એક પુરૂષને ઈજા પહોંચાડતા તે અંગેની ફરિયાદ પોશીના પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ચંદ્રાણા ગામના ગમાર કોદરભાઈ જીવાભાઈના ઘરે બુધવારે સગાઈનો પ્રસંગ હતો ત્યારે ગામના જ સોમાભાઈ જીવાભાઈ ગમાર, ડુગરાભાઈ સોમાભાઈ ગમાર અને સતાભાઈ સોમાભાઈ ગમારે આવીને કોદરભાઈને કહ્યુ હતું કે અમને સગાઈમાં કેમ નથી બોલાવ્યા તેમ કહી કુહાડી તથા કોદાડીથી કોદરભાઈ પર હુમલો કર્યો હતો. જેથી તેમના ભાઈ મગાભાઈ તથા કોદરભાઈના પત્નિ વચ્ચે પડતા બંને જણાને માથામાં ગંભીર ઈજા પહોંચાડવામાં આવી હતી. જેથી તેમને તરત જ પોશીના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે લવાયા હતા. જયાંથી વધુ સારવાર માટે હિંમતનગર ખસેડાયા હતા. દરમિયાન કોદરભાઈ ગમારે ત્રણેય જણા વિરૂધ્ધ પોશીના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# આકોદરાની સીમના ખેતરમાંથી ચેતવણી બોર્ડ ચોરાતા ફરિયાદ

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના આકોદરા ગામની સીમમાં આવેલા સર્વે નં.૨૯૯માંથી તા.૭ મેથી ૨ જૂન દરમિયાન કેટલાક શખ્સોએ ગેરકાયદેસર રીતે ખેડૂતના ખેતરમાં પ્રવેશી ખેતરમાં લગાવેલા ચેતવણી બોર્ડની ચોરી કરી લઈ જતા મામલો ગરમાયો છે. જેમાં ગાંધીનગર ખાતે રહેતા ખેડૂતે બે શકમંદ સહિત બારેક વ્યકિતઓ વિરૂધ્ધ હિંમતનગરના એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં મંગળવારે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર ખાતે રહેતા ખેડૂત કૃષ્ણસિંહ જીવણજી વાઘેલાના આકોદરા ગામની સીમમાં આવેલા સર્વે નં.૨૯૯માં ચેતવણી બોર્ડ લગાવ્યું હતું. જે લોખંડની ફ્રેમ વાળુ બોર્ડ રૂા.૭૦૦ની કિંમતનું તા.૭ મેથી ૨ જૂન દરમિયાન કોઈ શખ્સોએ ખેતરમાં ગેરકાયદેસર રીતે પ્રવેશી ચોરી ગયાનું ખેડૂતના ધ્યાને આવ્યુ હતું. જેથી ગાંધીનગરના રહીશ કૃષ્ણસિંહ વાઘેલાએ શંકાના આધારે આકોદરાના હારમીશ પટેલ, વિષ્ણુભાઈ પટેલ અને અન્ય દસેક જણા વિરૂધ્ધ મંગળવારે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### તન દુરસ્તી ● ૪ પાનાનું ચાલુ...

કરી જુઓ. ડ્રગના નશામાં જે મજા છે તે આખી જીંદગીમાં ન હોય. તમારે જે કરવું હોય એ કરો. હું તો નશો કરવાનો જ. ગમે તેમ કરીને મુકેશ રોજ ડ્રગનો નશો કરતો જ. મુકેશનું શરીર લેવાઈ ગયું . ધીમેધીમે એનું હિમોગ્લોબીન ખુબ ઓછું થઈ ગયું. મગજની શક્તિ પણ ઓછી થઈ ગયી. એની કીડની ઉપર ડ્રગ ની આડઅસર થઈ. કીડની ધીમે ધીમે બગાડવા માંડી. લેબોરેટરીમાં જઈને મુકેશ ના પપ્પાએ મુકેશ ના લોહી ના ટેસ્ટ કરાવ્યા. એમાં HAEMOGLOBIN - ૪ ગ્રામ , BLOOD UREA - ૧૨૦ આવ્યું. અને CREATININE- ૬ મીલી ગ્રામ આવ્યું. જેની નોર્મલ રેંજ ૦.૮-૧.૨૦ મિલી ગ્રામ છે. મુકેશનું ડાયાલીસીસ કરવું પડતું. વારે વારે લોહી ચઢાવું પડતું. ધીમે ધીમે મુકેશ વધારે નબળો પડતો ગયો. અને ૧ દિવસ બહુ દુખ સાથે કહેવું પડે કે મુકેશ હવે આ દૂનિયામાં નથી.

હમણાં જે નવો વિવાદ ચાલે છે. એ છે 'ઉડતા પંજાબી ' જેમાં ડ્રગને લગતી વાત કહેવા આવી છે. ચારે બાજુ બધી ટીવી સીરીયલમાં અત્યારે આ ફિલ્મ માટે વિવાદ ચાલે છે. ફિલ્મમા જે હોય તે પણ ડ્રગ લીધા પછી જે નશામા મજા યુવાનો માને છે તેનાથી ચોક્કસ યુવાનો એની તરફ ખેંચાય છે. એટલે આવી ફિલ્મો બને ત્યાં સુધી ન બને તો સારું. ફિલ્મના ડીરેક્ટરને કેક નવું ક્રિએટીવ કરી પોતાનું નામ અને પૈસા કમાવા હોય પણ યુવાનો જલ્દી થી ખરાબ વસ્તુઓનો શોખ કેળવી લેતા હોય છે. ભગવાન આવા ફિલ્મ ડીરેક્ટરો ને સારી બુદ્ધિ આપે અને આવી ફિલ્મ ન બનાવે એવી ભગવાનને પ્રાથના કરીએ. એક ફિલ્મમાં હીરો ચોરી કરતો બતાવ્યો છે . તે જોઈને ઘણા યુવાનો આવું કરવા માટે પ્રેરાય છે.

નડિયાદ,તા.૯

ખેડા જિલ્લાના મહુધા તાલુકાની હેરંજ પ્રાથમિક શાળામાં શિક્ષણની ગુણવત્તા સુધરી છે. અને રાજ્યની ૧૦૦૦ જેટલી પ્રાથમિક શાળાઓ એ પ્લસ ગ્રેડમાં પહોંચી છે. ગામમાં પ્રાથમિક શિક્ષણની આગવી પ્રતિષ્ઠા ઉભી કરવા ગામના શિક્ષિત યુવાનોની ટીમ બને તેવી લાગણી







શાળાનું પગથિયું ચઢવા યોગ્ય ૮૬ બાળકોને ઉમંગ અને ઉલ્લાસમય વાતાવરણમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલે નામાંકન કરાવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં વર્ષ-૨૦૦૦ પહેલા પ્રાથમિક શાળામાં દાખલ થતાં બાળકો પૈકી ૩૭ બાળકો શાળા છોડી જતા હતા. રાજ્ય સરકારે છેલ્લા ૧૩ વર્ષથી આદરેલા શિક્ષણ સેવા યજ્ઞના પરિણામે હવે પ્રાથમિક શાળાઓમાં સો ટકા બાળકોનું નામાંકન થઈ રહ્યું છે. એટલું જ નહીં રાજ્યમાં યોજાતા ગુણોત્સવના પરિણામે પ્રાથમિક

આગામી બે વર્ષમાં પ્રાથમિક શિક્ષણ ગુણવત્તા સુધારણા હેઠળ રાજ્યની

### પ્રાથમિક શિક્ષણાધિકારીનો ઉદ્ધત જવાબ

હેરંજ પ્રાથમિક શાળામાં યોજાયેલ આ કાર્યક્રમમાં પત્રકારો તથા બાળકો માટે પાણીની વ્યસ્થા કરવામાં આવી નહોતી. આ સંદર્ભે પ્રાથમિક શિક્ષણાધિકારી જાદવને પત્રકારોએ રજૂઆત કરતાં પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી જાદવ દ્વારા પત્રકારોને ઉદ્ધત જવાબ આપવામાં આવ્યો હતો. બાદમાં મુખ્યદંડક પંકજભાઈ દેસાઈએ તમામ માટે પાણીની વ્યવસ્થા કરીને મામલો થાળે પડ્યો હતો.

તમામ શાળાઓ શિક્ષણનું સ્તર ઉંચુ આવે તે માટે સમાજના સહયોગથી ભગીરથ પ્રયાસો હાથ ધરવાની નેમ તેમણે દર્શાવી હતી. રાજ્યના દરેક વ્યક્ત કરતાં મુખ્યમંત્રીશ્રીએ પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોને નબળા બાળકો પ્રત્યે ખાસ ધ્યાન કેન્દ્રીત કરવાનો અનુરોધ કરી બાળકોના અક્ષરો સુધારણા માટેનું અભિયાન ઉપાડવા માટે અનુરોધ કર્યો હતો. સમાજમાં દિકરા-દિકરીનું સંતુલન જળવાય તે માટે બેટી બચાવો સામાજિક આંદોલનના હકારાત્મક પરિણામો મળ્યા છે. તેનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે રાજ્યમાં આજે ૦થી ૬ વર્ષના ૧૦૦૦ દિકરા સામે ૯૦૪ દિકરીઓનું પ્રમાણ છે. દિકરા-દિકરીનો ભેદ મિટાવી બંનેને સમાન શિક્ષણ આપવા મુખ્યમંત્રીએ અપીલ કરી હતી. મુખ્યમંત્રીએ આંગણવાડીના બાળકોને હેલ્થ કિટ વિતરણ કરી કન્યા કેળવણી નિધિ માટે દાતાઓ દ્વારા આપવામાં આવેલ ૩.૯૧ લાખના દાનના ચેક સ્વીકાર્યા હતા. આ કાર્યક્રમમાં સમાજમાં પ્રવર્તતી સ્ત્રીભ્રૂણ હત્યા અંગે મંગલનગરની ધો.૯માં અભ્યાસ કરતી અંબિકા મોહનભાઈ ગોહેલે પોતાના વિચારો રજૂ કર્યા ત્યારે સભામંડપમાં હૃદયદ્રાવક દૃશ્યો સાથે ગમગીની છવાઈ ગઈ હતી. વિદ્યાર્થીની અંબિકા ગોહેલે સ્ત્રીભ્રૂણ હત્યાને લીધે જેમની જીંદગીના પુષ્પો ખિલતા પહેલાં જ મુરઝાઈ જાય છે તેવી કમનસીબ દિકરીઓની વ્યથા-કથાને વાચા આપીને સભામંડપમાં ઉપસ્થિત સૌની આંકો ભીંજવી દીધી હતી. ખુદ મુખ્યમંત્રી આનંદીબેન પટેલની આંખો પણ અશ્રુભીની થઈ ગઈ હતી. આ પ્રસંગે વિધાનસભાના મુખ્ય દંડક પંકજભાઈ દેસાઈ, સાંસદ દેવુસિંહ ચૌહાણ, જિલ્લા પંચાયત પ્રમુખ જયંતિભાઈ સોઢા સહિત અધિકારીઓ-પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## માલપુર આઈટીઆઈમાં ભરતી મેળો યોજાશે

મોડાસા, તા. ૯

મોડાસાના માલપુર સ્થિત મહિલા આઈટીઆઈ સંસ્થામાં શિક્ષિત બેરોજગાર ઉમેદવારો માટે તા. ૧૭ જુન ૨૦૧૬ના રોજ સવારે ૧૧ કલાકે ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ભરતી મેળામાં ધોરણ-૧૦ કે તેથી વધુ લાયકાતવાળા ૧૮ થી ૨૫ વર્ષની ઉંમર ધરાવતા ઉમેદવારો માટે રૂ. ૧૦,૦૦૦ની પગારવાળી લાઈન ઓપરેટરની જગ્યા માટે ઈચ્છુક મહિલા/પુરૂષ ઉમેદવારોએ ઈન્ટરવ્યુ માટે પોતાના બાયોડેટા સાથે હાજર રહેવા જણાવવામાં આવ્યું છે.

## અરવલ્લી જિલ્લામાં સિઝન બોલ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ધો. ૭નો કિશોર ઝળક્યો



અરવલ્લી જિલ્લામાં ગિરીમાળા ક્રિકેટ એસોસીએશન દ્વારા યોજાયેલી જિલ્લા કક્ષાની સિનીયર ટૂર્નામેન્ટમાં 'ગીરીમાળા શિલ્ડ કપ'ની ફાઈનલમાં ૪૦ ઓવરની સિઝન બોલથી કમાલ કરતા અને મોડાસા જે.બી. શાહ ઈંગ્લિશ મીડીયમ સ્કૂલમાં ધોરણ-૭માં અભ્યાસ કરતા આર્યદિતસીંહ રાઠોડે ૮ ઓવરમાં ૪૪ રન આપી ૫ વિકેટ ઝડપતા યુવાઓ વચ્ચે ૧૧ વર્ષીય ટેણીયાએ સનસનાટી મચાવી દીધી હતી. કિશોર દ્વારા ૫ વિકેટ ઝડપતા મેન ઓફ ધી મેચ જાહેર કરાયો હતો.

## બનાસકાંઠાના અસરગ્રસ્ત ગામોમાં ઘઉં રૂ. ૨ અને ચોખા રૂ. ૩ કિલોના ભાવે અપાશે

પાલનપુર, તા. ૯

બનાસકાંઠા જિલ્લાના વાવ અને સૂઈગામ તાલુકાને અસરગ્રસ્ત જાહેર કરવામાં આવેલ છે. જેથી તેના તમામ ગામોના રેશનકાર્ડ ધારકોને એટલે કે જેમનો સમાવેશ અગ્રતા ધરાવતા કુટુંબમાં ન થયો હોય તેઓને પણ રૂ. ૨ના ભાવે કિલો ઘઉં અને રૂ. ૩ના ભાવે કિલો ચોખા, માથાદીઠ ૫ કિલો અછત પૂર્ણ ન થાય ત્યાં સુધી આપવામાં આવશે.

જયારે થરાદ તાલુકાના ખાનપુરા, નાગલા, ડોડગામ, ચુડમેર, લેડાઉ, ભાચર, જમડા, ઈઢાટા, ભોરોલ, ડેલ, ચારડા, અભેપુરા, થરાદ, બુઢનાપુર, દોલતપુરા, જાણદી, ગડસીસર, મેઢાળા, મહાદેવપુરા એમ કુલ-૧૯ ગામોને સરકારશ્રીએ અસરગ્રસ્ત જાહેર કરેલ છે. તે તમામ ગામોના રેશનકાર્ડ ધારકોને ઉપર મુજબનો જથ્થો મળવાપાત્ર થશે. ઉપરોક્ત ત્રણ તાલુકાના આ વિસ્તારના કોઈ વ્યક્તિઓ પાસે હજુ પણ રેશનકાર્ડ ન હોય તેવા જરૂરીયાતમંદ લોકોને મામલતદાર દ્વારા ઈલાયદુ કાર્ડ આપવામાં આવશે. જેમાં જથ્થાની નોંધ કરી જથ્થો ફાળવવામાં આવશે.

### પ્રધાનો સામસામે ● અનુસંધાન પહેલાનું ચાલુ

મંજુરી આપવા બદલ પ્રકાશ જાવડેકરના નેતૃત્વમાં પર્યાવરણ અને વન્ય મંત્રાલયની ઝાટકણી કાઢી હતી. પશ્ચિમ બંગાળમાં પર્યાવરણ અને વન્ય મંત્રાલય દ્વારા હાથીને મારી નાંખવા, હિમાચલ પ્રદેશમાં વાંદરાઓને મારી નાંખવા, ગોવામાં મોરને મારી નાંખવાના આદેશ જારી કરવામાં આવ્યા હતા. મહારાષ્ટ્રમાં ચંદ્રપુરમાં આનાથી પણ જટિલ સ્થિતિ રહી હતી. અહીં ૫૩ રીંછની હત્યા કરવામાં આવી ચુકી છે. સાથે સાથે વધુ ૫૦ને મારી નાંખવાનો આદેશ કરાયો છે. વાઈલ્ડ લાઈફ સત્તાવાળાઓએ કહ્યું છે કે, પ્રાણીઓની હત્યા માટે કોઈ દબાણ રહ્યું નથી. બીજી બાજુ મેનકા ગાંધીએ કહ્યું છે કે, પર્યાવરણ મંત્રાલય આના માટે જવાબદાર છે. પ્રાણીઓને મારી નાંખવા માટેના હેતુ શું રહેલા છે. મહિલા અને બાળ વિકાસ પ્રધાન મેનકા ગાંધીએ આક્ષેપ કરતા કહ્યું છે કે, પર્યાવરણ મંત્રાલય દરેક રાજ્યમાં પત્ર લખીને પુછી રહ્યું છે કે, કયા પ્રાણીને મારવામાં આવનાર છે તે અંગે આદેશ તે પોતે જારી કરશે. આ મામલામાં વિવાદ એ વખતે વધી ગયો છે ત્યારે તાજેતરમાં જ બિહારના મોકામામાં નિલગાયને મારવાના આદેશ જારી કરવામાં આવ્યા હતા. કહેવામાં આવે છે કે, બિહારના મોકામામાં છેલ્લા ત્રણ દિવસમાં ૨૫૦થી વધુ નિલગાયની હત્યા કરવામાં આવી ચુકી છે.

### રોમાંચક શરૂઆત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જર્મનીના તમામ ખેલાડી શાનદાર ફોર્મમાં દેખાઈ રહ્યા છે. ટીમ તરફથી નવી આશા પણ છે. બીજી બાજુ સ્પેન ત્રીજી વખત ચેમ્પિયનશીપ જીતી હેટ્રિક કરવા માટે તૈયાર છે. સ્પેન સતત બે વખતથી ચેમ્પિયન રહ્યુ છે. યુરોપમાં તેનુ પ્રભુત્વ રહ્યુ છે. ફ્રાન્સમાં યુરો-૨૦૧૬ની શરૂઆત હવે આવતીકાલથી થઈ રહી છે ત્યારે ફુટબોલ ક્રેઝ ચરમસીમા પર છે. તમામ ટોપ ટીમો પોતાની વ્યુહરચના તૈયાર કરવામાં વ્યસ્ત છે. વર્ષ ૧૯૯૬થી ૧૬ ટીમો આ યુરો કપમાં રમતી રહી છે પરંતુ આ વખતે ટીમોની સંખ્યા ૨૪ કરવામાં આવી છે. ૨૮મી મે ૨૦૧૦ના દિવસે યજમાન દેશ તરીકે ફ્રાન્સની પસંદગી કરવામાં આવી હતી. ત્રીજી વખત યુરો કપનુ આયોજન ફ્રાન્સમાં કરવામાં આવ્યુ છે. વર્ષ ૧૯૬૦માં પણ ફ્રાન્સમાં આયોજન કરવામાં આવ્યુ હતુ. વર્ષ ૧૯૮૪માં પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. યુરો કપની મેચો ૧૦ મેદાન પર ફ્રાન્સમાં રમાનાર છે. જેની તમામ તૈયારી છેલ્લા કેટલાક સમયથી ચાલી રહી હતી. યુરો કપ સ્પર્ધા ૧૦મી જુનથી લઈને છેક ૧૦મી જુલાઈ વચ્ચે રમાનાર છે. ફ્રાન્સના જુદા જુદા મેદાન ખાતે રમાનાર છે. આ વખતે નેધરલેન્ડ, ડેનમાર્ક, ગ્રીસ જેવી ટીમો યુરોમાં ન પહોંચતા કરોડો ફુટબોલ ચાહકોને ફટકો પડી ચુક્યો છે. યુરોમાં આ વખતે જે ટીમો નવી આવી છે તેમાં તેમના દેખાવ પણ શાનદાર, રહ્યા છે. આઈસલેન્ડ, વેલ્સ, અલ્બાનિયા, નોર્થન આયર્લેન્ડ અને સ્લોવાકિયા જેવી ટીમો આ વખતે પ્રથમવાર અહીં પહોંચી છે.

### એનએસજી મામલે.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

સભ્યો માટે ભારતના દાવેદારીને મેક્સિકોએ સમર્થન આપવાની જાહેરાત કરી હતી. મેક્સિકોના પ્રમુખે મોદી સાથે સંયુક્ત પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે, મેક્સિકો એનએસજીના ભારતની દાવેદારીને ટેકો આપે છે. ટેકો આપવા બદલ મોદીએ બદલામાં મેક્સિકોનો આભાર માન્યો હતો. ભારતની ઉર્જા સુરક્ષા માટે મહત્વપૂર્ણ ભાગીદાર ગણાવ્યું હતું. પોતાની પાંચ દિવસની યાત્રામાં અંતિમ તબક્કામાં મોદી વોશિંગ્ટનથી મેક્સિકો પહોંચ્યા હતા. વિદેશી મૂડીરોકાણ, વેપાર, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, જયવાયુ પરિવર્તન સહિત અનેક મુદ્દા પર સંબંધોને મજબૂત કરવાના મુદ્દે ચર્ચા કરી હતી. મેક્સિકો પણ અમેરિકાની જેમ એનએસજીના મુદ્દે ભારતને ટેકો આપવા તૈયાર છે.

### નામાંકન ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ્યાં ૨૧ ગામમાં માત્ર ૪૪૦ બાળકોએ જ ધો. ૧માં પ્રવેશ મેળવ્યો છે. આ પછી કલોલ તાલુકો આવે છે જ્યાં ૯૨૧ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે. પ્રવેશોત્સવની વ્યસતતામાં અટવાયેલુ તંત્ર ૧૦૦ ટકા નામાંકનમાં નિષ્ફળ જવા પામ્યુ છે. તેમજ મીની ગુણોત્સવમાં જે રીતે ચિત્ર સામે આવી રહ્યું છે તેમાં સર્વગ્રાહી મૂલ્યાંકન સામે પ્રશ્નાર્થો ઉભા થયા છે.

## જાહેર નિવિદા

સા.વ.વિ. / અગ્ર સચિવશ્રી (આયોજન)ના કાર્યાલયના પેનાસોનીક-૨૦૩૦ લેસર ફેક્સ મશીનની વાર્ષિક નિભાવણી કરાર (AMC) (સ્પેર પાર્ટસ વગર) તા. ૧/૭/૨૦૧૬ થી તા. ૩૦/૬/૨૦૧૭ સુધીના એક વર્ષના સમયગાળા માટે આપવાનો છે.

૨. આ અંગેના ભાવ પત્રકો તા. ૧૮/૬/૨૦૧૬ સુધીમાં સીલબંધ કવરમાં રજી.એ.ડી. દ્વારા નીચેના સરનામે મળે તેમ મોકલવાના રહેશે. સીલબંધ કવરમાં મળેલ ભાવ પત્રકો તા. ૨૦/૬/૨૦૧૬ના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે.

એન. ટી. ભટાણા
સેક્શન અધિકારી/ય૨-શાખા
સામાન્ય વહીવટી વિભાગ / આયોજન પ્રભાગ
બ્લોક નં.૭, ૪થો માળ, સરદાર ભવન,
સચિવાલય ગાંધીનગર

માહિતી/૬૨૬/૨૦૧૬-૧૭

## જાહેર નિવિદા

અત્રેની કચેરીના ઉપયોગ સારૂ A/4 સાઈઝના કોપીયર પેપરનો માસિક ૧૦૦ રીમની સરેરાશથી વાર્ષિક જરૂરીયાત મુજબ વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન અંદાજે ૧૨૦૦ રીમ ખરીદવાના હોવાથી રસ ધરાવતી સંસ્થાઓ પાસેથી આ જાહેરાત પ્રસિદ્ધ થયે દિન-૭માં સીલબંધ કવરમાં ભાવપત્રક તેમજ કોપીયર પેપરનો નમુનો અને કોપીયર પેપરના બ્રાન્ડના નામ તથા GSMની માહિતી સહિત દર્શાવી નીચે જણાવેલ સરનામે મોકલી આપવા વિનંતી છે.

નાયબ નિયામક (PLM-5)
અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી
ગુજરાત રાજ્ય, સેક્ટર નં.૧૮, ગાંધીનગર

માહિતી/૬૨૧/૨૦૧૬-૧૭

## બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

બનાસડેરી, પો.બો. નં. ૨૦, પાલનપુર-૩૮૫૦૦૧.
ફોન નં. : (૦૨૭૪૨) ૨૫૧૦૨૯, ૨૫૩૮૮૧ થી ૨૫૩૮૮૫

### સ્ક્રેપ માલ વેચવાનો છે

આથી સ્ક્રેપ માલ ખરીદનાર દરેક ઈસમોને જણાવવાનું કે, તા. ૧/૭/૨૦૧૬ થી ૩૧/૧૨/૨૦૧૬ સુધીના સમય માટે સંઘમાંથી નીકળતા વિવિધ પ્રકારના સ્ક્રેપમાલનું વેચાણ કરવાનું હોઈ, રસ ધરાવતી પાર્ટીઓએ સંઘના હિસાબી શાખામાંથી ટેન્ડર ફી પેટે રૂ. ૧૦૦/- (નોન રીફંડેબલ) ભરી, ટેન્ડર મેળવી અને ટેન્ડર સાથે રૂ. ૧૦,૦૦૦/-નો 'બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.'ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ સાથે સીલબંધ કવરમાં તા. ૨૪/૬/૨૦૧૬ના ૧૫.૦૦ કલાક સુધી ટેન્ડર સંઘમાં રજૂ કરવાના રહેશે.

ટેન્ડર મંજુર અથવા નામંજુર કરવાનો અધિકાર સંઘના મેનેજીંગ ડીરેક્ટરશ્રીને અબાધિત રહેશે.

મેનેજીંગ ડીરેક્ટર